દૂધ જેવા શુદ્ધ વહિવટનું વચનામૃત

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક - ૨ । વર્ષ - ૨ । ઓગષ્ટ - ૨૦૨૨ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop



## રીફાઈમાં ટકવું હશે તો બજાર માગે તે આપવું પડશે : અશોકભાઈ ચૌધરી

# મહેસાણી ભેંસ એ તો આપણું ઘરેણું છે.




ઉત્તર ગુજરાતની વાત આવે - અને એની ઓળખનો પૂરાવો આપવો હોય તો ... મોઢેરા સૂર્ય મંદિર, પાટણની રાણકી વાવ, વડનગરનું કિર્તી તોરણ અને સિધ્ધભૂમી સિધ્ધપુરની વાત અચૂક નીકળે તેમ ઉત્તર ગુજરાત અને તેમાંય ખાસ કરીને, મહેસાણા જિલ્લાની વાત આવે ત્યારે આપણી દૂધસાગર ડેરી અને તેની ઓળખ સમાન મહેસાણી ભેંસને કદાપિ નહીં ભૂલી શકાય !!

આમ તો, સ્વ.મોતીબાપુ જ્યારે આ સંસ્થાના ચેરમેન હતા ત્યારે અમૂલ દ્વારા ગાયના દૂધને સ્વિકારવાનો નિર્ણય લેવાયો ત્યારે તેઓ થોડા અચકાયા હતા. પરંતુ, બદલાતા સમયની તાસીરને સમજનાર મોતીબાપુએ સંસ્થાને સમૃધ્ધ કરવા અને વધુમાં વધુ વિસ્તારના લોકો દૂધસાગરથી જોડાઈ સમૃધ્ધ બને તે માટે ગાયના દૂધને સ્વિકારવાનું કબૂલ મંજૂર રાખ્યું હતું અને જે-તે સમયે ગાયના દૂધને પ્રોત્સાહન આપવા ખૂબ ઉમદા પ્રયત્નો કર્યા હતા. આમ જોવા જઈએ તો, દૂધસાગરની સાચી ઓળખ એ ભેંસનું દૂધ છે !! ગુજરાતના અન્ય સંઘો કરતાં આપણા દૂધનો પાવડર મોંઘો વેચાય છે એનું એક કારણ માત્ર ને માત્ર આ મહેસાણી ભેંસનું દૂધ છે. ગાયના દૂધ કરતાં ભેંસના દૂધમાં ફેટ અને SNF નું પ્રમાણ વધારે હોવાથી આ દૂધ વધારે કસ ધરાવતું હોય છે. આજે સમય ફરી બદલાયો છે : **વિશ્વના બજારમાં તથા ભારતના દિલ્હી-મુંબઈ જેવા મહાનગરોમાં ફરીથી ભેંસના દૂધની (BUFFALO MILK)અભૂતપુર્વ માંગ ઉઠી હોવાનું અમૂલ ફેડરેશન જણાવી રહ્યું છે.**

એક જમાનામાં, મહેસાણાની દૂધસાગર ડેરી પોતાના ભેંસના કસદાર દૂધથી લગભગ આખા ભારતમાં પોતાનો એકાધિકાર સ્થાપી રહી હતી એનું એકમાત્ર કારણ અહીંની મહેસાણી ભેંસ હતી ! મહેસાણી ભેંસને દૂધ આપનારા પશુઓમાં તેના દૂધની ક્વોલિટીને લઈ પ્રથમ નંબરનું સ્થાન પ્રાપ્ત છે **પરંતુ, અફસોસ આ વિસ્તારના ભૌગોલિક વાતાવરણને અનુરૂપ ઉછરેલી અને અહીંની જ સ્થાનીક એવી મહેસાણી ભેંસ હવે ધીમે પગલે આપણાથી દૂર થઈ બીજા વિસ્તારોમાં હિજરત કરી રહી છે.** તાજેતરમાં સરકારશ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં પશુ ગણતરી હાથ ધરવામાં આવી ત્યારે સને. ૨૦૧૭ ની સરખામણીમાં વર્તમાન વર્ષ ૨૦૨૨ સુધીમાં આપણા વિસ્તારમાં મહેસાણી ભેંસની સંખ્યાનો ઘટાડો જોઈ નિષ્ણાતો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૭ માં આપણી પાસે ૮,૪૫,૬૯૯ જેટલી મહેસાણી ભેંસો હતી જેની સંખ્યા ઘટીને વર્ષ ૨૦૨૨ ના આ વર્ષમાં ૬,૯૮,૬૯૪ થવા પામી છે. અને એ રીતે ૧,૪૭,૦૦૫ જેટલી મહેસાણી ભેંસો કે જે આપણી ઉત્તમ પશુ ઓલાદ છે તે ઘણા કારણોસર આપણે ગુમાવી ચૂક્યા છીએ તો બીજી તરફ, આપણા જ પાડોશી જિલ્લા બનાસકાંઠાની પશુ ગણતરી પ્રમાણે તેઓ પાસે વર્ષ ૨૦૧૭ માં ૯,૯૮,૦૦૦ ભેંસોની સંખ્યા હતી જે વધીને વર્ષ ૨૦૨૨ માં ૧૪,૧૫,૦૦૦ થવા પામી છે. અને એ રીતે, બનાસકાંઠામાં ૪ લાખ ૧૭ હજાર જેટલી ભેંસો વિતેલા પાંચ વર્ષમાં વધવા પામી છે.

**દૂધસાગરના પત્રિકાના લાખો પશુપાલક વાંચકો ભેંસ ઉછેર અને તેના ફાયદા સમજી શકે તથા તંદુરસ્ત દૂધ ઉત્પાદન થઈ શકે તેવા શુભ આશયથી અમો ઈ.સ.૨૦૧૭ અને ઈ.સ.૨૦૨૨ સુધીના પશુગણતરીના સરકારી આંકડાઓ મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાના મુકી આપને સરખામણી નહીં પણ સમજદારી પૂર્વકનું પશુપાલન કરવાની પ્રેરણાથી નીચેનો ગ્રાફ મૂકી રહ્યા છીએ :**

**મહેસાણા જિલ્લાની પશુગણતરી**

| પશુની જાત | વર્ષ - ૨૦૧૭ | વર્ષ - ૨૦૨૨ | પશુ સંખ્યાની વધઘટ |
|---|---|---|---|
| (ભેંસ) | ૮,૪૫,૬૯૯ લાખ | ૬,૯૮,૬૯૪ લાખ | ૧,૪૭,૦૦૫ લાખ (ઘટાડો) |
| (દેશી ગાય) | ૧,૨૯,૦૫૪ લાખ | ૧,૪૬,૬૦૬ લાખ | ૧૭,૫૫૨ હજાર (વધારો) |
| (શંકરગાય) | ૨,૨૬,૩૦૦ લાખ | ૩,૯૩,૫૬૧ લાખ | ૧,૬૭,૨૬૧ લાખ (વધારો) |

**બનાસકાંઠા જિલ્લાની પશુગણતરી**

| પશુની જાત | વર્ષ - ૨૦૧૭ | વર્ષ - ૨૦૨૨ | પશુ સંખ્યાની વધઘટ |
|---|---|---|---|
| (ભેંસ) | ૯,૯૮,૦૦૦ લાખ | ૧૪,૧૫,૦૦૦ લાખ | ૪,૧૭,૦૦૦ લાખ (વધારો) |
| (દેશી ગાય) | ૨,૨૭,૦૦૦ લાખ | ૩,૦૫,૦૦૦ લાખ | ૭૮,૦૦૦ હજાર (વધારો) |
| (શંકરગાય) | ૫,૪૬,૦૦૦ લાખ | ૧૦,૦૦૦,૦૦ લાખ | ૪,૫૪,૦૦૦ લાખ (વધારો) |

(અનુસંધાન પેજ નં.૨ ઉપર)

## મહેસાણી ભેંસ (પેજ નં.૧ નું શરૂ)



ભૂતકાળની વાત કરીએ તો, દૂધસાગર ડેરીના શુભારંભ સમયથી લઈ લગભગ દોઢ દશક સુધી ભેંસનું દૂધ એજ આપણી ઓળખ અને આવક હતી. મહેસાણા દૂધસાગર ડેરી એના ભેંસના કસદાર દૂધથી સમગ્ર ભારતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકવામાં સફળ રહી હતી. સમયાંતરે ગાયના દૂધનું સંપાદન શરૂ થયું અને ધીમે પગલે ભેંસ ઉછેરના વ્યવસાયમાં ઉદાસીનતા આવતી ગઈ. વિતેલા બે-ત્રણ વર્ષોથી દૂધસાગરના કાર્યક્ષેત્ર એવા જુના મહેસાણા જિલ્લામાંથી અહીંનીજ ધરતીની પેદાશ એવી મહેસાણી ભેંસની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળી રહયો છે. આપણા કરતાં પાડોશી જિલ્લા બનાસકાંઠામાં મહેસાણી ભેંસનો ઉછેર વધવા પામ્યો છે અને બનાસડેરી આપણી દૂધસાગર કરતાં પણ વધારે ભેંસના દૂધનું વેચાણ કરવામાં સફળ રહેવા પામી છે. હાલમાં, દૂધના મોટા બજાર એવા મહાનગરોમાં ભેંસના દૂધની - અને એમાંય, મહેસાણી ભેંસના દૂધની ભારે માંગ જોવા મળી રહી છે. ત્યારે દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને સાથી નિયામક મંડળ દૂધસાગરના કાર્યક્ષેત્રમાં મહેસાણી ભેંસનો ઉછેર કરવાનો ઉત્સાહ વર્તાય તેમજ બજારની માંગને અનુરૂપ ભેંસનું પૌષ્ટિક દૂધ આપણે બજારમાં પૂરતા પ્રમાણમાં આપી શકીએ તે માટે પ્રતિકીલો ફેટે ₹૧૫ નો પ્રોત્સાહન ભાવ આપી રહ્યા છે. આ પ્રોત્સાહન આપવાનો એક માત્ર શુભ આશય એજ છે કે ; મહેસાણા જિલ્લા દૂધ સંઘ પોતાની આગવી ઓળખ સમી મહેસાણી ભેંસના દૂધનું વિસ્તારમાં વધુમાં વધુ ઉત્પાદન થાય તથા ભેંસ ઉછેર થકી પશુપાલક વધુ સમૃધ્ધ બને અને બજારમાં જે દૂધની આવક સામે - વધુ માંગ ઉઠવા પામી છે તેને સંતોષી સંસ્થા અને સંસ્થાનો પ્રાણદાતા એવો પશુપાલક મોંઘવારીના આ યુગમાં અડીખમ ઉભો રહી શકે !!

## અખબાર : મૂલાકાત : શુભેચ્છા સંદેશ થકી

# ૪૦૦ થી વધુ દૂધ મંડળીઓના હોદ્દેદારોએ દિલથી કીધુ





**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** વિતેલી છેલ્લી સાધારણ સભામાં દૂધસાગર સંસ્થાના વડા શ્રી. અશોકભાઈ ચૌધરી તથા નિયામક મંડળના સહીયારા પ્રયત્નોથી વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પારદર્શક ખરીદી અને કરકસરયુક્ત વહિવટના શુભ પરિણામ રૂપે દૂધસાગરના ૬૩ વર્ષના ઈતિહાસને આંબી જતો ₹ ૩૨૧ કરોડનો ભાવ વધારો મળતાં દૂધસાગરના કાર્યક્ષેત્રમાં નવા મેનેજમેન્ટની કુશળતા અને પવિત્રતા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં વિવિધ ગામોની ૪૦૦ થી વધુ સ્થાનિક દૂધ મંડળીના હોદ્દેદારો, આપણા વિસ્તારના વિશિષ્ટ વ્યક્તિઓએ અખબારના માધ્યમથી, બેનરો દ્વારા, શુભેચ્છા સંદેશ મોકલાવી તથા રૂબરૂ સંસ્થાના ચેરમેનશ્રીની મૂલાકાત લઈ અભિનંદનોના બારેમેઘ ખાંગા કરી શાસનકર્તાઓનું મનોબળ વધારવાનું અભૂતપૂર્વ કાર્ય કરી સરાહના ના ધોધ વહાવ્યા હતા. જગ્યાના અભાવે તમામ લોકો અને મંડળીઓના નામ અહીં સમાવેશ કરી શકતા નથી પરંતુ, અમારી હાજરી દરમ્યાન વિવિધ દૂધમંડળીઓ જેવી કે રાફુ દૂધ મંડળી, ચાટાવાડા, હાંસાપુર, કુંભાણા, વણાગલા, શ્રી નદી ઓળ ઠાકોર મોટોવાસ, રામપુર, ગંગાપૂર મહિલા, કુકસ, ચંદ્રાવતી, સમોડા, મામવાડા, લોટેશ્વર, ખાત્રજ, ગોઠવા, રંડાલા, ખોલવાડા, મુડવાડા, નાસ્મેદ, શંકરપુરા, શોભાસણ, ધિણોજ, જશોમાવ, હાથીપુરા, દેણપ, ઉમરી, રામપુરા જુના, ઘુમ્મડ, ઉબખલ, તાવડિયા, ગઢા, વઘવાડી, વિજયનગર, બાલવા, મોટાજોરાવરપુરા, સેદરડી, મહુડી, લોદરા, ખેરવા, ભેંસાણા, રણસીપુર, દેલા, મેઉ, બિલીયા, રાણીપુરા, કુંડાળ, ટુવડ, જુના સુદાસણા, છઠિયારડા, મુમનવાસ, હિરપુરા, બોરીયાવી, બાસણા, ફુદેડા, ઉચરપી, કોલાદ, ચરાડા, વઘાસર, લોધી, વાયડ, વનાસણ, ચાટાવાડા, ધામણવા, સવાલા, મુલસણ, સોનેરીપુરા, તખતપુરા, મરતોલી, ભાસરીયા, જગુદણ, હરિપુરા (બી), સાલડી, કંસારાકુઈ, નારદીપુર, બ્રાહ્મણવાડા, ગોકળગઢ, ધોળાસણ, મગરોડા સહિત ૪૦૦ થી વધુ દૂધ મંડળીઓના કે જેમના તમામ નામો લખવા જગ્યાને અભાવે શક્ય નથી થઈ શક્યું એવો અભૂતપુર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.




મોતીબાપુની પહેલી રહેમનજર સમાજમાં સૌથી નિર્બળ અને ઓશિયાળી એવી વિધવા અને ગરીબ વર્ગની બહેનો તરફ રહેતી હતી. તે બહેનો સન્માનપૂર્વક રોટલો રળી ખાય અને તેમના પરસેવાની કમાણી ઉપર ગુજારો કરતી થાય તે હેતુથી ઈ.સ.૧૯૭૮ - ૭૯ માં મોતીબાપુએ સમાજકલ્યાણ બોર્ડ દ્વારા કેન્દ્ર સરકારમાંથી સૌ પ્રથમ લોન યોજના મંજૂર કરાવી હતી. આ યોજનામાં આવી બહેનોને ભેંસ માટે ૮૦૦૦ રૂપિયા સુધીનું ધિરાણ મળતું, આ ઉપરાંત ભેંસ દોહવા માટે વાસણ અને ભેંસને માટે એક બોરી ખાણદાણ આપવામાં આવતું. ઈ.સ. ૧૯૯૬-૯૭ સુધીમાં મોતીબાપુએ આ યોજના થકી ૩૮૧૫ બહેનોને લગભગ ૨ કરોડ રૂપિયાનું વગર વ્યાજનું ધિરાણ મેળવી આપીને આવી બહેનોને જીવવાનો મોટો સહારો પૂરો પાડ્યો હતો.

સમાજનો આવો જ ઉપેક્ષિત ને શોષિત વર્ગ દલિતોનો છે. ગ્રામકક્ષાની દૂધ ઉત્પાદક સહકારી મંડળી એ સરકારી કાયદાથી અસ્તિત્વમાં આવેલી એક સંસ્થા છે. અને તેમાં હરિજનોને સભાસદ બનવાનો પૂરો અધિકાર છે. પણ આપણો સમાજ અસ્પૃશ્યતાના દૂષણમાં ડૂબેલો હોવાથી ડેરીનાં શરૂઆતનાં વર્ષોમાં કેટલીક મંડળીઓમાં હરિજનોનું દૂધ નહીં લેવાની ફરિયાદો ડેરીમાં આવતી. શ્રી.માનસિંહભાઈના વખતમાં વિજાપુર તાલુકાની એક મંડળીમાંથી આ કારણે બે દિવસ સુધી દૂધ લેવાનું ડેરીએ બંધ કરી દીધું હતું એટલે ગામ આપોઆપ સમજી ગયું હતું. અને ફરિયાદનું નિવારણ થઈ ગયું હતું. મોતીભાઈના વખતમાં આવું બન્યાનું નોંધાયું નથી.

(સાભાર : નરોત્તમભાઈ પટેલ - ઉત્તર ગુજરાતનું અનોખું મોતી પુસ્તક ઉપરથી)



આજથી ૪૦ વરસથી વધુ સમય પહેલાં (હાલ ગણીએ તો ૬૫ વર્ષ પહેલાં) એમણે ઠાકોર વિદ્યાર્થીઓ માટે છાત્રાલય શરૂ કર્યુ અને એમાંથી માત્ર શિક્ષણ નહીં પણ ગ્રામીણ વિસ્તારના સાર્વત્રિક વિકાસને નજરમાં રાખી ગ્રામભારતીનું નિર્માણ કર્યું. આજે ઉત્તર ગુજરાતમાં શ્રી મોતીભાઈ ચૌધરીની વિજાપુર - કલોલ તાલુકાની સરહદે આવેલી આ સંસ્થા જોતાંની સાથે જ શ્રી મોતીભાઈની સૂઝ કેટલી છે એ ખબર પડી જાય છે.

આણંદના સહકારી દૂધ ડેરીના પ્રયોગમાંથી મહેસાણા ડેરીનો જન્મ થયો અને શ્રી.માનસિંહભાઈને લાગ્યું કે એકલા શિક્ષણથી ગ્રામ સમાજ શક્તિશાળી નહીં બને - એને ઘર આંગણે આવકવૃધ્ધિનું સાધન આપવું જરૂરી છે. શ્રી.માનસિંહભાઈએ મહેસાણા ડેરી ઊભી કરી. ધીમે ધીમે એણે ગામડે ગામડે વિસ્તાર વધાર્યો. આ પછી શ્રી. મોતીભાઈ ચૌધરીએ માનસિંહભાઈનો વારસો લીધો અને મહેસાણા ડેરીને સાચા અર્થમાં દૂધસાગર ડેરી બનાવી દીધી.

**(સનત મહેતા : ઉત્તર ગુજરાતનું અનોખું મોતી પુસ્તક ઉપરથી)**

## દૂધસાગરના વિહાર શીતકેન્દ્રથી હવે ગાયના ઘી નું ૨૦૦ ml થી એક લિટરનું જાર પેકીંગ શરૂ



દૂધસાગર ડેરીમાં વહિવટના સૂત્રો બદલાયા પછી, ગ્રાહક માંગે તે આપો એ સૂત્રનો સૂપેરે અમલ કરવામાં આવી રહ્યો છે. દૂધસાગર ડેરી સંચાલિત વિહાર શીતકેન્દ્ર ખાતે વર્ષ ૨૦૦૫ - ૨૦૦૬ ના સમયથી ગાયના ઘી નું એક લિટર ટીન, ૫૦૦ ml પાઉચ અને એક લિટર પાઉચ ના પેકીંગ કરવામાં આવતા હતા. બદલાતા સમયની સાથે અન્ય ડેરીઓ દ્વારા ગાયના ઘી ના જાર પેકીંગ બજારમાં આવતાં આપણા શુધ્ધ ગાયના ઘી ને હરીફાઈમાં અડીખમ ઉભું રાખવા આપણે પણ જાર પેકીંગ તરફ જવું જોઈએ તેવા ચેરમેન શ્રીના સૂચનને અનુસરી મેનેજમેન્ટ દ્વારા ગત તારીખ ૧૫/૦૭/૨૦૨૨ થી અમૂલ ગાય ઘી ને એક લિટર જાર, ૫૦૦ ml જાર અને ૨૦૦ ml જાર પેકીંગ કરવાની શુભ શરૂઆત કરી દીધી છે. અગાઉ વિહાર શીતકેન્દ્ર ખાતે અમૂલ ગાય ઘી નું ઉત્પાદન માસિક સરેરાશ ૧૦ - ૨૦ મેટ્રીક ટન થતું હતું જે હાલના સમયમાં દર મહિને ૧૦૦-૧૨૦ મેટ્રીક ટન પહોંચવા પામ્યું છે. આ નાના પેકીંગ અને તેના ઝડપી વેચાણ ને જોતાં વિહાર શીત કેન્દ્ર ઉપર આગામી સમયમાં ગાયના ઘી નું માસિક ઉત્પાદન ૧૮૦ - ૨૦૦ મેટ્રીક ટન થવાની સંભાવના જોવાઈ રહી છે. સમગ્ર બદલાવ ની આકર્ષક બાબત એ છે કે : **વિહાર શીત કેન્દ્ર ખાતે અમૂલ ઘી ના ટીન પેકીંગ મશીનમાં થોડાક સુધારા કરી એજ મશીનરીનો ઉપયોગ જાર પેકીંગમાં કરવામાં આવી રહ્યો છે.** હાલમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવેલા આ જાર પેકીંગ ના પરિણામે ટીન પેકીંગની સરખામણીમાં મટેરીયલ્સ ખર્ચ નીચો આવી રહ્યો હોવાથી આ પ્રકારના પેકીંગ સંઘ માટે પણ ફાયદાકારક સાબિત થઈ રહ્યા છે. જાર પેકીંગમાં હાલ ફેરફાર કરવામાં આવેલ મશીનની કાર્યક્ષમતા નીચે મુજબ છે : ૧ લિટર જાર - ૬.૦ MT / શિફ્ટ (૭ કલાક), ૫૦૦ ml જાર - 3.૫ MT / શિફ્ટ (૭ કલાક), ૨૦૦ ml જાર - ૨.૫ MT / શિફ્ટ (૭ કલાક) ની રહેવા પામે છે.

(અહેવાલ : દૂધસાગર પત્રિકા, સૌજન્ય : શ્રી પી.એન. પટેલ)

# દૂધવાણી

*અશ્વિન વી. ચૌધરી (મેનેજરશ્રી - દૂધસાગર ડેરી)*



શંખેશ્વર તાલુકાના રૂની ગામના દૂધ ઉત્પાદક જશીબેન વશરામભાઈ ભરવાડે દૂધસાગર પત્રિકાને એક સવાલ પૂછ્યો છે :

**પશુઓને કેવા પ્રકારનો ખોરાક આપવાથી દૂધમાં ફેટ અને એસ.એન.એફ નું પ્રમાણ બધી ઋતુઓમાં જળવાઈ રહે, દૂધ ઉત્પાદન વધારી શકાય અને દૂધ ઉત્પાદન ખર્ચ કેવી રીતે ઘટાડી શકાય ?**

દૂધના બંધારણમાં મુખ્યત્વે બે ભાગ છે : (૧) પાણી (૨) ઘન (સોલીડ) ભાગ ઘન ભાગના બે ભાગ છે : (૧) ફેટ (૨) એસ.એન.એફ (પ્રોટીન, લેક્ટોઝ, વિટામીન અને મિનરલ)

આમ, દૂધના બંધારણને ધ્યાને રાખીને દૂધાળાં પશુ અને તેના વજન અને વેતરના પ્રમાણે ઋતુ મુજબ સમતોલ આહાર તથા મિનરલ મિક્ચર આપીએ તો દૂધ ઉત્પાદન સાથે ફેટ અને એસ.એન.એફ જળવાઈ રહે છે. તથા યોગ્ય માવજત અને કાળજી રાખીએ તો ઉત્પાદન ખર્ચ ઘટાડી શકાય છે.

**સમતોલ આહાર નીચે મુજબ આપવો :**

➥ લીલા ઘાસચારામાં ધાન્યવર્ગનો ચારો ૮ થી ૧૦ કિલો અને કઠોળ વર્ગનો ચારો ૪ થી ૫ કિલો આપવો ➥ સૂકો ચારો ૬ થી ૯ કિલો અથવા પશુ ખાય તેટલો આપવો ➥ દાણ : ૧.૫ કિલો પશુના નિભાવ માટે તથા ભેંસમાં ૧ લિટરે ૫૦૦ ગ્રામ અને ગાયમાં ૧ લિટરે ૪૦૦ ગ્રામ આપવું ➥ સામાન્ય રીતે દૂધાળા પશુનું વજન અને દૂધના જથ્થા મુજબ બે ભાગ ડેરીનું દાણ (સાગરદાણ / હાઈપ્રોદાણ ) ત્રીજો ભાગ કાર્બોહાઈડ્રેટ યુક્ત દાણ (મકાઈ ભરડો / જવ ભરડો / ઘઉ / બાજરી / ઓટ વગેરે ) અને ચોથો ભાગ પ્રોટીન યુક્ત દાણ (કપાસીયા પાપડી / સોયાબીન ચુની / તુવેર ચુની / કોપરા / મગ ચુની / રાયડો / અળદ / મઠ / ચોળા વગેરે) આપવું જોઈએ. ➥ મિનરલ મિક્ષર રોજનું ૧૦૦ થી ૧૫૦ ગ્રામ અથવા એક લિટર દૂધ ઉત્પાદન દીઠ ૧૦ ગ્રામ આપવું ➥ મીઠું ૧૦ ગ્રામ અને ખાવાના સોડા 30 ગ્રામ આપવા ➥ ૧૫ લિટરથી વધુ દૈનિક દૂધ આપતા પશુને ૧ કિલો બાયપાસ પ્રોટીનદાણ તથા ૧ કિલો સાગર સમૃધ્ધિ દાણ (બાયપાસ ફેટ) આપવું ➥ લીલો સૂકો ચારો હંમેશા ચાફ કટરથી કટીંગ કરી મીક્ષ કરવો

ઉપરોક્ત બાબતોની સાથે, દૂધ દોહન વખતે સ્વચ્છતા અને ઝડપ કરવાથી વધુ દૂધ મળે છે. દૂધ દોહ્યા પછી ગુણવત્તા જળવાઈ રહે તે માટે દૂધને તાત્કાલિક ડેરીમાં ભરાવી દેવાની તૈયારી રાખવી જોઈએ.

# લમ્પી વાઈરસ : સાવચેતી એજ સુરક્ષા

## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) દ્વારા પશુપાલકોના હિતમાં ઉપલબ્ધ માહિતી



મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા તમામ ગાય-ભેંસ ઉછેરતા અને પશુપાલન સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકોને જણાવવાનું કે, હાલમાં પશુઓમાં જોવા મળતો ગઠેદાર ચામડીનો રોગ **(LUMPY SKIN DISEASE)** કે જેને ; લમ્પીના નામથી નિષ્ણાતો ઓળખાવે છે. આ રોગ અત્યારે ગુજરાત અને ઉત્તર ગુજરાતના સરહદી જિલ્લાઓમાં જોવા મળી રહ્યો છે. હાલમાં, છુટા છવાયા પ્રમાણમાં દેખાતો આ રોગ દિવસે અને દિવસે વધતો જાય છે. આ રોગનો ફેલાવો ૧૦ થી ૧૫% તથા મૃત્યુદર ૧ થી ૫% હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે.

લમ્પી રોગની વાત કરીએ તો - ગાય ભેંસમાં જોવા મળતો આ વિષાણુંજન્ય રોગ છે અને કેપ્રીપોક્સ નામના વાઈરસથી થાય છે. આ રોગની શરૂઆત આફ્રિકા દેશથી થયા બાદ આજે તે ભારત સહિત તમામ દેશોમાં જોવા મળી રહ્યો છે. ભારતમાં ૧૯ નવેમ્બર ૨૦૧૯ માં પહેલો કેશ ઓરિસ્સામાં નોંધાયો હતો અને પછી ધીમે-ધીમે બીજા રાજ્યોમાં ફેલાતો ગયો. ગત વર્ષે મહારાષ્ટ્રમાં લમ્પી વાઈરસે હાહાકાર મચાવ્યો હતો. વર્તમાન કાળે આ વાઈરસ ગુજરાતમાં કચ્છ સહિત બનાસકાંઠાના ૧૮ થી વધુ તાલુકાઓમાં પ્રવેશી ચૂક્યો છે ત્યારે, આપણા પશુપાલકો અત્યારથી જ સાવધાન બની જાય તે આ રોગ સામે બચવાનું પ્રથમ શસ્ત્ર છે. હાલમાં દૂધસાગર ડેરી પ્રશાસન દ્વારા યુધ્ધના ધોરણે વેક્સિનેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને આ લખાય છે ત્યાં સુધીમાં, એક લાખ ડોઝનું વેક્સિનેશન થઈ ચૂક્યું છે.

### લમ્પી રોગના લક્ષણો

- આ રોગ થી સંક્રમિત પશુને શરૂઆતમાં ૮ થી ૧૦ દિવસ અને અમુક પશુઓને ૨ થી ૩ દિવસ તાવ આવે છે.
- તાવના લક્ષણ બાદ પશુના શરીર ઉપર (Lumpy Capripox Virus) ગાઠો નીકળે છે. આ કઠણ ગાંઠ ૨ થી ૫ સે.મી. જેટલી હોય છે તથા જે ચામડીમાં અને ઘણી વખત સ્નાયુ સુધી ઉંડી ફેલાયેલ હોય છે. અમુક સમય બાદ આ ગાંઠો બેસી જાય છે તો અમુક કેસમાં ફુટવા માંડે છે. જો પશુના શ્વસનતંત્રમાં આવી ગાંઠો હોય તો આ રોગ ગંભીર બની સામે આવે છે.
- અસરગ્રસ્ત પશુના મોંઢામાં, ગળાની અંદરના ભાગમાં અને પશુના પગમાં સોજાઓ જોવા મળે છે.
- લમ્પીગ્રસ્ત પશુના નાક, આંખમાંથી પાણી પડે છે અને મોંઢામાંથી લાળ પડવાની શરૂઆત થાય છે. ઘણા કેસોમાં પશુની એક આંખ સફેદ થઈ જતી હોવાનું માલૂમ પડ્યું છે.
- આ રોગના લક્ષણો ધરાવતા પશુઓમાં દૂધ ઉત્પાદન શક્તિ ઘટી જાય છે.

### લમ્પી રોગગ્રસ્ત પશુનું દૂધ પીવું કે નહીં ?

આમ તો, કોઈપણ રોગગ્રસ્ત પશુનું દૂધ વહેંચવું કે પીવું એ કદાપી યોગ્ય નથી ! પશુઓમાં લમ્પી રોગ વકરી રહ્યો છે અને તેના કારણે દૂધ ઉત્પાદન ઘટી રહ્યું છે ત્યારે દૂધસાગર પત્રિકાના વાંચકોના મનમાં એક સવાલ તો ચોક્કસ થતો હશે કે જે પશુને લમ્પી વાઈરસ લાગુ પડ્યો હોય તેનું દૂધ આપણે જાણે - અજાણે પીએ તો આપણને કોઈ અસર થાય ? આ અંગે આણંદની કામધેનું યુનિવર્સિટીના વેટરનરી માઈક્રોબાયોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.રફીયુદ્દીન માથકિયા કહે છે : અમે, પશુઓમાં થતા તમામ રોગનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કરીએ છીએ. લમ્પી વાઈરસનો અભ્યાસ કર્યો પણ આજ સુધી એવી કોઈ વાત ધ્યાનમાં આવી નથી કે વાઈરસ ગ્રસ્ત પશુનું દૂધ પીવાથી માણસને કોઈ અસર થઈ હોય. હજુ સુધી ભારત કે ગુજરાતમાં એવો કેસ સામે આવ્યો નથી પરંતુ આવા વાતાવરણમાં પેશ્ચુરાઈઝ દૂધ એજ શ્રેષ્ઠ હોય છે - છૂટક દૂધ ના લેવું જોઈએ અને લઈએ તો બરાબર ઉકાળવું જરૂરી છે તથા આવા સમયમાં બહારના મિલ્ક શેઈક પીવાનું ટાળવું જોઈએ.

### લમ્પી રોગ અટકાવવા રાખવી પડતી જાગૃતિ

- આ રોગના લક્ષણો ધરાવતા પશુઓને સૌ પ્રથમ તંદુરસ્ત પશુઓથી અલગ બાંધી દેવા જોઈએ.
- પશુ બાંધવાની જગ્યાને જંતુનાશક દવાઓથી ખાત્રી પૂર્વક ચોખ્ખી કરી દેવી જોઈએ અને માખી, મચ્છર તથા ઈતરડી-કથીરી રહિત બનાવી દેવી જોઈએ.
- રોગથી સંક્રમિત પશુને તંદુરસ્ત પશુઓથી દૂર રાખી એને અલગથી ખોરાક અને પાણી આપવા જોઈએ.
- પશુપાલકે ચેપગ્રસ્ત પશુની સારવાર કરી અથવા કરાવ્યા બાદ હાથ સાબુથી બરાબર ધોઈ લેવા જોઈએ જેથી પોતાના તથા અન્ય તંદુરસ્ત પશુઓનો બચાવ કરી શકાય અને સંક્રમણ અટકાવી શકાય.
- રોગગ્રસ્ત વિસ્તારમાં કોઈપણ પશુને ગામમાં પ્રવેશવા દેવુ નહીં.
- અસરગ્રસ્ત પશુને અન્ય પશુઓ સાથે ચરાવવા લઈ જવાનું ટાળવું જોઈએ.
- સમગ્ર દિવસ દરમ્યાન પશુઓના રહેઠાણ અને વાડાઓમાં જંતુનાશક દવાઓનો સમયાંતરે છંટકાવ કરતાં રહેવું જોઈએ.
- પશુ રહેઠાણ કે પશુ બાંધવાની જગ્યાએ કડવા લીમડાના પાન, કપૂર તથા ગૂગળનો ધૂમાડો સવાર સાંજ કરવો જોઈએ.
- આ રોગ અન્ય તંદુરસ્ત પશુઓમાં ના ફેલાય તે માટે બિન અસરગ્રસ્ત વિસ્તારના પશુઓમાં તાત્કાલિક ધોરણે રસીકરણ કરાવી દેવું જોઈએ.
- પશુઓની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે મિનરલ મિક્ચર ખવડાવવું જોઈએ.
- તબેલામાં સાફ સફાઈ અને હવા ઉજાસની પૂરતી વ્યવસ્થા ઉભી કરી આજુબાજુમાં પાણીનો ભરાવો થયેલ હોય તો તે દૂર કરવો અને એ શક્ય ના હોય તો ભરાયેલા પાણીમાં તેલ અથવા પોટેશીયમ પરમેગેનેટ નાખવું.
- રોગગ્રસ્ત પશુનું દૂધ મંડળીમાં - અન્ય કોઈને અથવા અંગત ખાવામાં વાપરવું નહીં.

### લમ્પી રોગ અટકાવવાના ઘરેલું ઉપાયો

- ૧૦ નંગ નાગરવેલના પાન - ૧૦ ગ્રામ કાળામરી - ૧૦ ગ્રામ મીઠું  અને ૫૦ ગ્રામ ગોળ લઈ તમામ વસ્તુઓનું મિશ્રણ કરી તેના નાના-નાના ભાગ કરી પ્રથમ દિવસે દર ત્રણ કલાકે પશુને ખવડાવવા. ત્યારબાદ, બીજા દિવસથી ઉપરોક્ત મિશ્રણ દિવસમાં ત્રણ વખત એમ બે અઠવાડિયા એટલે કે પંદર દિવસ સુધી ખવડાવવાનું ચાલુ રાખવું.
- ૨ કળી લસણની - ૧૦ ગ્રામ સુકા ધાણા - ૧૦ ગ્રામ જીરૂ - એક મુઠ્ઠી તુલસીના પાન - ૧૦ ગ્રામ તજ - ૧૦ ગ્રામ કાળા મરી - ૫ નંગ નાગરવેલના પાન - ૨ નંગ નાની ડુંગળી - ૧૦ નંગ કરીયાતાના પાન - ૧ મુઠ્ઠી બીલીના પાન - ૧ મુઠ્ઠી મીઠી તુલસીના પાન અને ૧૦૦ ગ્રામ ગોળ લઈ આ બધી વસ્તુઓનું યોગ્ય મિશ્રણ કરી પ્રથમ દિવસે દર ત્રણ કલાકે પશુને ખવડાવવું જોઈએ ત્યારબાદ, બીજા દિવસથી દિવસમાં બે વખત એમ પંદર દિવસ સુધી ખવડાવવાનું ચાલુ રાખવું જોઈએ.
- એક મુઠ્ઠી દદ્રુણોના (વાંછીકાટો) પાન - ૧૦ નંગ લસણની કળી - કડવા લીમડાના એક મુઠ્ઠી પાન - નાળીયેર અથવા સરસિયાનું ૫૦૦ મિ.લી. તેલ લઈ તેમાં એક મુઠ્ઠી મહેંદીના પાન - ૨૦ ગ્રામ હળદર અને એક મુઠ્ઠી તુલસીના પાન ઉમેરી તેનું યોગ્ય મિશ્રણ કરી બધુ એકાકાર થાય ત્યાં સુધી ઉકાળી - આ મિશ્રણને ઠંડું પાડ્યા બાદ હાથના મોજા પહેરી પશુના શરીર ઉપર લગાડવું જોઈએ.
- પશુ રહેઠાણ અથવા વાડાઓને જંતુનાશક દવાઓ જેવી કે : ઈથર ૨૦% - ફોર્મેલીન ૧% - સોડીયમ હાઈપોક્લોરાઈડ ૨ થી 3%  નો છંટકાવ કરવો.
- પશુમાં રોગના લક્ષણો દેખાય તો તાત્કાલિક યુધ્ધના ધોરણે સરકારી પશુ દવાખાનાનો સંપર્ક કરવો તથા તાત્કાલિક ધોરણે ડૉક્ટરી સલાહનું અનુસરણ કરવું જોઈએ.
- આ રોગથી પશુ અગર મૃત્યું પામે તો એવા કિસ્સામાં ગામના તલાટીશ્રી - સરપંચશ્રી અને સરકારશ્રીના વેટરનરી ડૉક્ટરને જાણ કરી તેમની હાજરીમાં પશુનો નિકાલ કરવો જોઈએ.
- અત્યારે પશુ ચિકિત્સક નિષ્ણાતોના મત મુજબ બજારમાં મળતી ગોટ પોક્ષ - શીપ પોક્ષ માટેની રસી ગાય કે ભેંસોને ના આપવા માટે ભલામણ કરવામાં આવે છે.
- લમ્પી રોગ અંગે આપ સરકારના પશુપાલન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ હેલ્પ લાઈન નંબર **1962** અથવા દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગનો સંપર્ક કરી શકો છો.



# સાગર મંથન

વિશ્વ અને ભારતમાં અત્યારે શિક્ષિત બેરોજગારોની સંખ્યા કૂદકે અને ભૂસકે વધી રહી છે. બેકારી એક મહામારીની જેમ યુવાનોને હતાશા, નિરાશા અને ક્યારેક આત્મહત્યા સુધી લઈ જઈ રહી છે ! ત્યારે, એક શિક્ષિત પશુપાલકના પુત્રનો વોટ્સએપ અમને પ્રાપ્ત થયો છે. **એનો સવાલ છે : હું બેરોજગાર છું અને કામ વિના કંટાળી ગયો છું ત્યારે પશુપાલનના વ્યવસાયથી હું પ્રગતિ કરી શકું ખરો ?**

આજની વૈશ્વિક પરિસ્થિતીમાં દેશના સીમિત સંશાધનો પર ભારણ વધતું જઈ રહ્યું છે. વધતી જતી વસ્તીના પ્રમાણમાં નોકરી અને રોજગારનું સર્જન એક મોટો પડકાર છે. ત્યારે, આજના યુવાનોએ વૈકલ્પિક વ્યવસાયનું જાતે સર્જન કરવું પડશે.

પશુપાલનનો વ્યવસાય આજના સમયે વૈકલ્પિક વ્યવસાય તરીકે રોજગારીનું સર્જન કરવાનો એક યોગ્ય માર્ગ છે. ગુજરાતમાં સહકારી સંઘોના સફળ વ્યવસ્થાપનના કારણે ગ્રામીણ અર્થતંત્ર ધબકી રહ્યું છે. વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવામાં આવે તો એ ઉત્તમ વ્યવસાય બની શકે છે. અને ખાનગી નોકરીઓના શોષણથી બચી સ્વતંત્ર રીતે રોજગારી મેળવી આત્મસન્માનની જીંદગી જીવી શકે છે. સામાન્ય રીતે લગભગ તમામ નોકરીઓમાં દર મહિને એક વાર જ પગાર મળે છે. જ્યારે ડેરી ઉધોગમાં દર ૧૦ દિવસે એટલે કે મહિનામાં ત્રણ વાર પેમેન્ટ આવી જાય છે.

પશુપાલનના વ્યવસાયને સફળ બનાવવામાં ત્રણ પરિબળો મહત્વના છે : (૧) બ્રિડીંગ (૨) ફીડીંગ અને (૩) મેનેજમેન્ટ

**બ્રિડીંગ એટલે...** ઉચ્ચ ઉત્પાદકતા ધરાવતા પશુઓની પસંદગી અને તેમનું સંવર્ધન. યોગ્ય પશુઓનું ચયન અને ત્યારબાદ તેમની ઉત્પાદકતા વધારવા વિશ્વસનીય સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન અગત્યનો ભાગ ભજવે છે.

**ફીડીંગ એટલે ...** પશુઓને યોગ્ય ખોરાક આપવો. તેની જરૂરીયાત સમજીને યોગ્ય માત્રામાં લીલો અને સૂકો ઘાસચારો, દાણ, મિનરલ મિક્ષ્ચર અને પૂરતા પ્રમાણમાં પાણી આપવું.

**વ્યવસ્થાપન એટલે ...** પશુઓ માટે યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવી, એમની યોગ્ય માવજત કરવી. ચાલી રહેલા રોગ અને આવનારા રોગોથી તેમનું રક્ષણ કરવું તથા સૌથી જરૂરી બાબત છે આવક અને જાવકનો હિસાબ રાખવો.

ઉપરોક્ત ત્રણ બાબતોનું સંપૂર્ણ પાલન કરી આ વ્યવસાયને વેઠ નહીં - પણ - શોખ માની દિલથી કરવામાં આવે તો ... આજના સમયે પશુપાલનના વ્યવસાય થકી દૂધ ઉત્પાદન કરી એક ઉચ્ચ અધિકારી જેટલી આવક આસાનીથી ઉભી કરી શકાય તેમ છે.

પશુપાલનના વ્યવસાય માટે નાનકડી મૂડીથી પણ ધીમે પગલે શરૂઆત કરી આગળ વધી શકાય છે. હાલમાં, સરકારની સ્વરોજગારી માટેની વિવિધ યોજનાઓ પૈકી એક યોજના પશુપાલન અંગેની પણ ચાલી રહી છે. જિલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા હાલમાં આ યોજનાનો લાભ લઈ શકાય છે. આઈ-ખેડૂત પોર્ટલ મારફ્ત ૧૨ દૂધાળા પશુઓની ખરીદી પર વ્યાજ સહાય અને સ્વરોજગારી માટે ૨૦ પશુઓના ફાર્મની સ્થાપના માટે પણ વ્યાજ સહાય અને ફાર્મ બાંધકામ માટેની સહાય મળે છે.

પશુપાલનનો વ્યવસાય જો શોખ માની ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવે તો ૧૦૦% આ ધંધામાં ગ્રાહક શોધવા જવું પડતું નથી. આજના સમયે બનાવટી દૂધની ફરીયાદો ચારેકોરથી આવી રહી છે ત્યારે, શુધ્ધ દૂધ માટે લોકો ભારે માંગ કરી રહ્યા છે. વાસ્તવમાં શુધ્ધ દૂધની જેટલી જરૂરીયાત છે તેના પ્રમાણમાં ભારતમાં તેનું ઉત્પાદન ઓછું હોવાનું વિવિધ માધ્યમો જણાવી રહ્યા છે. આપણા ગુજરાતમાં અમૂલ માળખા આધારિત દરેક જિલ્લામાં એક દૂધસંઘ અસ્તિત્વ ધરાવે છે. ત્યારે, ગુજરાતના યુવાનો માટે દૂધ ઉત્પાદન એક જબરજસ્ત માધ્યમ બની યુવાનોની સમક્ષ ઉભું છે. મહેસાણા દૂધસાગર ડેરીમાં વહિવટના સૂત્રો બદલાયા બાદ દૂધના ભાવો અને વાર્ષિક ભાવ વધારો તેની ઐતિહાસીક સપાટીએ પહોંચ્યો છે અને આજના ચેરમેનશ્રીના શબ્દોમાં : દૂધના ભાવ અને વાર્ષિક ભાવવધારો હવે કદાપિ ઘટવાનો નથી આવા મજબૂત અને નેક ઈરાદાઓ જ્યારે જગ જાહેર વ્યક્ત કરવામાં આવતા હોય ત્યારે પશુપાલન વ્યવસાયની સૂગ છોડી - વૈજ્ઞાનિક ઢબે આ વ્યવસાય રોજગારીનો ઉત્તમ વિકલ્પ બની શકે છે.

## દૂધસાગર મધમાખી ઉછેર તાલીમ શિબિર : ૩



દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં કામ કરતાં પશુપાલકો એક પૂરક વ્યવસાય થકી વધારાની આવક મેળવી શકે તેવા શુભ ઈરાદાથી સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ હાલમાં સંસ્થાના જગુદણ ખાતે મધમાખી ઉછેર તાલીમ શિબીર -૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ દિવસ સુધી સંસ્થાના ખર્ચે પશુપાલકોને તાલીમ પૂરી પાડવામાં આવી હતી. આ તાલીમને અંતે તાલીમાર્થી પશુપાલકોને નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (NDDB), નેશનલ બી બોર્ડ (NBB) તથા દૂધસાગર ડેરી દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ અંગે વધુ માહિતી તેમજ મધમાખી ઉછેર અંગેની તાલીમ, સરકારી સહાય તથા આ વ્યવસાય દ્વારા કેટલી આવક મેળવી શકાય તેવા તમામ પ્રશ્નોનો જવાબ અને જરૂરી તમામ માહિતી તથા નામ નોંધણી માટે દૂધસાગર ડેરી દ્વારા નિયુક્ત શ્રી. ભરતભાઈ જાનીનો સંપર્ક કરી શકો છો

**૯૫૩૭૪૮૨૮૭૦**

## એ આ મોતીભાઈ



તન ટૂંકું મન મોકળું ખાદી કપડે સહી,
ઈસ્ત્રી વિનાના લૂઘડે એ આ મોતીભાઈ.
રણછોડ ભગતના દીકરા માતા ભોળાં બહુ,
ગાંધીવિચારે જીવતા એમને બાપું કહેતું સહુ.
હિંદી ગુજરાતી બોલતા અંગ્રેજી કંઈ કંઈ,
અભ્યાસી અનુભવી ઘણા કોઈને ગાંજે નહિ.
પછાતમાં પ્રીતિ ઘણી દીનદુઃખિયાના દેવ,
સિદ્ધાંતે સખ્તાઈ ઘણી પણ સ્પષ્ટ બોલવા ટેવ
યુવાનો શોધે નોકરી બોલે આકળા થઈ,
ખુમારીથી ખેતી કરો ને પાળો ગાયો જઈ.
સાદી રહેણી સાદી કહેણી ભપકો કશોય નહિ,
સેવાદળનો જીવડો એને સેવાની નાનમ નહિ.
શિક્ષક બન્યા સાંસદ બન્યા ચેરમેન બન્યા સહી,
ગુજરાતના પ્રધાન બન્યા પણ ટોપી બદલી નહિ.
શ્વેતક્રાંન્તિનું બીજ રોપ્યું વિરલા માનસિંહભાઈ,
સિંચીને સમૃદ્ધ બનાવ્યું એ આ મોતીભાઈ.
સાથે રહ્યા સાથે જીવ્યા સ્નેહ જાળવ્યો ભાઈ,
એ સહકાર ક્ષેત્રે સંચર્યો મને સમાજસેવા દઈ.
જોયું જાણ્યું અનુભવ્યું વર્ષો સાથે રહી,
દીર્ઘાયુષ ઈચ્છી લખ્યું પોતે જેસંગભાઈ.

(જેશીંગભાઈ ગોવિંદજી ચૌધરી)

ઉત્તર ગુજરાતનું અનોખું મોતી પુસ્તક ઉપરથી

# શુધ્ધ વહિવટની સાબિતી

## દૂધસાગર ડેરીમાં સૌથી વધુ દૂધ ભરાવતી પ્રથમ ૧૦ મંડળીઓના છેલ્લા સાત વર્ષના ભાવવધારાની વિગતો

| દૂધ મંડળીનું નામ | ભાવવધારો ૨૦૧૫-૧૬ | ભાવવધારો ૨૦૧૬-૧૭ | ભાવવધારો ૨૦૧૭-૧૮ | ભાવવધારો ૨૦૧૮-૧૯ | ભાવવધારો ૨૦૧૯-૨૦ | ભાવવધારો ૨૦૨૦-૨૧ | ભાવવધારો ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|---|---|---|---|
| ચરાડા | ૭૧,૬૦,૯૮૨ | ૧,૦૦,૪૨,૧૨૨ | ૯૨,૯૨,૯૬૮ | ૧,૧૬,૪૨,૯૪૪ | ૧,૩૪,૬૭,૫૮૨ | ૯૬,૦૫,૨૭૦ | ૨,૪૨,૫૭,૨૫૪ |
| સોલૈયા | ૭૦,૮૩,૩૧૭ | ૧,૦૧,૯૪,૬૧૬ | ૯૧,૮૫,૯૫૭ | ૧,૧૨,૭૬,૮૪૬ | ૧,૩૪,૭૭,૭૦૩ | ૯૭,૬૬,૬૯૩ | ૨,૩૬,૧૫,૫૭૧ |
| બાપુપુરા | ૭૪,૧૯,૦૮૦ | ૯૭,૮૭,૧૭૩ | ૯૦,૨૨,૦૪૯ | ૧,૧૦,૧૨,૩૧૭ | ૧,૨૩,૬૨,૨૪૫ | ૮૮,૯૪,૩૧૯ | ૨,૨૨,૧૨,૮૦૨ |
| ખેરાલુ | ૬૧,૮૦,૦૮૭ | ૮૫,૦૭,૪૯૯ | ૮૪,૩૦,૭૦૩ | ૧,૦૬,૦૧,૪૮૩ | ૧,૨૧,૨૬,૧૩૯ | ૯૦,૯૯,૫૫૭ | ૨,૨૯,૪૩,૦૮૫ |
| બાલવા-૧ | ૭૩,૬૯,૪૮૯ | ૯૬,૦૦,૫૪૯ | ૬૨,૭૮,૬૩૯ | ૯૦,૯૫,૨૩૮ | ૧,૦૫,૪૨,૩૨૩ | ૭૧,૪૮,૪૦૭ | ૨,૦૬,૦૭,૨૨૨ |
| પામોલ | ૫૭,૫૮,૬૮૨ | ૮૦,૦૦,૫૧૩ | ૭૨,૧૯,૬૧૯ | ૮૭,૭૭,૭૬૭ | ૧,૦૫,૨૫,૮૨૨ | ૭૨,૪૦,૬૪૯ | ૧,૮૭,૨૧,૭૦૩ |
| મેઉ-૧ | ૪૭,૧૮,૧૫૧ | ૬૨,૧૮,૭૦૩ | ૫૭,૬૫,૨૦૨ | ૬૬,૭૩,૨૦૫ | ૭૬,૧૨,૪૯૮ | ૫૭,૧૧,૩૬૬ | ૧,૪૨,૮૭,૫૩૩ |
| ડાવોલ | ૨૬,૯૧,૦૮૩ | ૩૯,૩૬,૪૦૯ | ૪૧,૩૫,૮૧૪ | ૫૪,૮૫,૧૨૯ | ૭૧,૧૮,૯૬૬ | ૫૧,૮૪,૪૫૧ | ૧,૩૧,૭૨,૬૪૯ |
| મોટા નાયતા | ૨૪,૫૮,૧૭૬ | ૩૩,૮૦,૬૦૦ | ૩૧,૨૪,૮૩૯ | ૪૭,૮૦,૬૪૮ | ૬૬,૪૧,૫૬૧ | ૫૨,૭૨,૦૧૯ | ૧,૨૩,૨૯,૫૭૩ |
| વિઠોડા | ૪૧,૧૪,૪૬૦ | ૫૫,૪૬,૨૮૦ | ૫૨,૪૧,૧૨૩ | ૭૦,૫૩,૭૮૯ | ૭૨,૪૬,૭૫૨ | ૫૩,૧૨,૮૬૮ | ૧,૩૬,૬૨,૯૫૧ |

# શુધ્ધતાનું સાચું સરનામું : દૂધસાગર કર્મચારી કેન્ટીન



**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)** સરકારી ધારા ધોરણો અનુસાર મોટી કંપનીઓ તથા જાહેર ઉત્પાદન કરતી સંસ્થાઓ પોતાના કર્મચારીઓ માટે વ્યાજબી ભાવે પોષણયુક્ત ભોજન વ્યવસ્થા કરે તેવો નિયમ છે. પરંતુ, જ્યારે કોઈ સંસ્થા માત્ર સરકારી નિયમોનું પાલન કરવા નહીં - પણ - પોતાની નૈતિક જવાબદારી સમજી પોતાના કર્મચારીઓ માટે સ્વચ્છ, સુઘડ, પૌષ્ટિક આહાર આપવા ભોજન કક્ષની વ્યવસ્થા કરે ત્યારે સર્જન થતું હોય છે : **દૂધસાગર કર્મચારી કેન્ટીન નું !!**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે ; આપણી દૂધસાગર ડેરીએ વર્ષો પહેલાં સ્વ.મોતીભાઈ ચૌધરીના ચેરમેન પદ વખતથી જ દૂધસાગરમાં કામ કરતાં કર્મચારીઓને સમયસર - શુધ્ધ ભોજન - સાવ નજીવી કિંમતમાં મળી રહે તેવી અદભૂત વ્યવસ્થા કરી રાખેલ છે.

દૂધસાગર પત્રિકાએ મહેસાણા ખાતે સ્વ.મોતીભાઈ ચૌધરી સ્થાપિત આ કેન્ટીનની બપોરના સમયે જ્યારે મૂલાકાત લીધી ત્યારે ઉપસ્થિત કર્મચારીઓ પૂરા સંતોષ ભાવથી ભોજનને ન્યાય આપી રહ્યા હતા. વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે ; આ કેન્ટીનમાં હાલના સમયે સરેરાશ ૪૦૦ લોકો બપોરના સમય દરમ્યાન ભોજન ગ્રહણ કરે છે. આશરે ૩૨૫ દૂધસાગરના કર્મચારીઓ સિવાય બહારથી આવતા (અમને એ જાણીને આનંદ સાથે આશ્ચર્ય થયું ) લોકોમાં **મહેસાણા પોલીસના ઉચ્ચ અધિકારીઓ, આરોગ્ય ખાતાના અધિકારીઓ, મહેસાણા બહુમાળી બિલ્ડીંગના સરકારી ઓફિસરો કે જેઓ પોતાના પરિવારથી દૂર મહેસાણામાં નોકરી કરે છે તેમની પહેલી પસંદગી મહેસાણા દૂધસાગર ડેરીના કર્મચારીઓની કેન્ટીન હોય છે !**

સંપૂર્ણ સ્વચ્છતા અને સહયોગના કર્મચારીની રેખ દેખ હેઠળ ચાલતી આ કેન્ટીનમાં શુધ્ધતા અને સાત્વિકતા સાથે કોઈ સમાધાન કરવામાં આવતું નથી. બપોરના સમયે ૧ લીલી શાકભાજી, ૧ કઠોળનું શાક, દાળભાત, છાશ, રોટલી અને સલાડ પીરસવામાં આવે છે. અમારા વાંચકોને એ જાણી દૂધસાગર સંસ્થા ઉપર વધારે પ્રેમ વરસશે કે ; આ ભોજન દૂધસાગરના કર્મચારીઓને માત્ર ૨૦ ₹ માં - તો - બહારથી આવનાર તમામ લોકોને માત્ર ૭૦ ₹ માં અનલિમીટેડ જમાડવામાં આવે છે. દૂધસાગરના ઈતિહાસમાં, આ કેન્ટીન બન્યા બાદ અહીંના ભોજનને લઈ એક પણ ફરિયાદ નોંધાવા પામી નથી તેવું અહીંના સંચાલકો ગૌરવ પૂર્વક કહી રહ્યા છે !!

દૂધસાગર સંસ્થા આમ તો પોતાના દૂધની તમામ પ્રોડક્ટસ ઉપર વિશ્વ નામાંકિત છે. પરંતુ દૂધસાગર ડેરી (મહેસાણા) ના મહેસાણાના પ્રવેશ દ્વાર ની ડાભી બાજુએ આવેલી આ ભોજનશાળા ચૂપચાપ પોતાનો ધર્મ નિભાવી રહી છે. એ ઘટના પણ કોઈ તીર્થ મંદિરના ઉત્તમ કામ કરતાં ઓછી નથી તેવું સ્પષ્ટ જણાય છે.

રાત્રિના સમયે સંસ્થાની આ કેન્ટીનમાં ભાખરી શાક અને મરચાં-ડુંગળી જેવું સાદું ભોજન મામૂલી કિંમતે એટલે કે એક નંગ ભાખરી માત્ર ૫ રૂપિયામાં તો - ૧૩ રૂપિયામાં શાક પીરસવામાં આવે છે.

સંપૂર્ણ અધિકારીઓની નજર હેઠળ શાકભાજી, કઠોળ, અનાજ તથા તેલ સહિત સંપૂર્ણ શુધ્ધતા સાથેની ખરીદી કરી - યોગ્ય રસોઈયા અને મદદનીશો દ્વારા ભોજન તૈયાર કરી પીરસવામાં આવે છે. દૂધસાગરમાં આવતા અધિકૃત અધિકારીઓ અને મૂલાકાતીઓ જ્યારે દૂધસાગર ડેરીમાં કોઈ કામકાજ અર્થે આવતા હોય તો ... બપોરનું ભોજન દૂધસાગરમાં લઈશું તેવું પહેલાંથી જ મન બનાવી ચૂક્યા હોય છે. જ્યારે એક સંસ્થા પોતાના સ્વાદ અને સુગંધથી વિશ્વ વિજેતા બની હોય ત્યારે તેની અંગત કેન્ટીન માટે મૂલાકાતીઓ આ ભાવ રાખે તેનાથી મોટો સંતોષ એવોર્ડ બીજો શું હોઈ શકે ?

हवाओ में आज इतनी महेंक क्युं है ? लगता है : मोतीभाई कहीं आसपास है ॥

# સાગર મહેરામણના મોતી




**દ્રશ્ય : ૧** એક સવારે લગભગ ૧૦:૩૦ ના સૂમારે દૂધસાગરના વર્તમાન ચેરમેન શ્રી. ઓફિસ બિલ્ડીંગના પ્રવેશદ્વારે પોતાની ગાડીમાંથી ઉતરી ઉપસ્થિત થોડાક કર્મચારીઓને મીઠો ઠપકો આપે છે : **"આપ બધાને નથી લાગતું ? આ બિલ્ડીંગના પ્રવેશદ્વારે આપણા બે વડીલો કે જે ; આપણી વિરાસત છે તેમના મોટા તૈલચિત્ર મૂકવા જોઈએ ?"**

આટલું કહીં, ચેરમેનશ્રી. તો પોતાના કામે લાગી ગયા - સાંભળનાર કર્મચારીઓમાં ગૂસપુસ શરૂ થઈ : કોઈએ કહ્યું બે દિવસમાં આ કામ કરી દેવું જોઈએ ત્યારે એક અનુભવી અને પરિપક્વ અધિકારી બોલ્યા "આગામી ૩ - જૂલાઈ ના રોજ મોતીબાપુનો ૧૦૦ મો જન્મદિવસ છે આ દિવસે ચેરમેન સાહેબની ઈચ્છા પૂરી કરીએ"

આજે ૩ જૂલાઈના રોજ : દૂધસાગરના ઓફિસ બિલ્ડીંગનો પ્રથમ પ્રવેશમાર્ગ કે જ્યાં રીસેપ્શન ટેબલ આવેલું છે તે જળહળી ઉઠ્યું. કારણ કે પૂર્વ દિશા તરફ બે મહાન આત્માઓના ચહેરાઓ ના તૈલ ચિત્રોનું વિમોચન તેમનો એક સંસ્કારી વારસદાર કરી રહ્યો હતો.

ગત ૩ જૂલાઈના રોજ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, ડિરેક્ટરશ્રી. અમરતભાઈ દેસાઈ, સરદારભાઈ ચૌધરી, યોગેશભાઈ પટેલ, દિલીપભાઈ ચૌધરી અને શક્તાભાઈ ભરવાડે સૌ પ્રથમ સ્વ.મોતીભાઈ ચૌધરીના સ્ટેચ્યુ તથા સ્વ.માનસિંહભાઈ ચૌધરીને પુષ્પહાર કરી સંસ્થાના ઓફિસ બિલ્ડીંગમાં પ્રવેશ લીધો. ઉપરોકત મહાનુભાવોની હાજરીમાં દૂધસાગરના અનેકો કર્મચારીઓની ઉપસ્થિતીમાં સ્વ.માનસિંહભાઈ અને સ્વ.મોતીભાઈના વિશાળ તૈલચિત્રોનું ચેરમેનશ્રીના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું. ત્યારબાદ, ગત સાધારણ સભાના આદેશ મુજબ ૨૦૨૨ નું આ વર્ષ મોતીબાપુ વંદના વર્ષ તરીકે ઉજવવાના પ્રથમ ભાગરૂપે દૂધસાગર સંસ્થા દ્વારા મોતીબાપુ વંદના વર્ષનો ઓફિસીયલ લોગો જાહેર કરવામાં આવ્યો. અનેક કાર્યક્રમોને આ એક દિવસમાં સમાવેશ કરી લેતાં સરકારશ્રી તરફથી MIDFT ના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ, ભારત સરકાર તરફથી દૂધસાગર ડેરીના પ્રાકૃતિક ખેતીની અનેક પેદાશોને આરોગ્યનું સર્ટીફિકેટ પ્રાપ્ત થયાની ખુશી વચ્ચે **અમૂલ ઓર્ગેનીક** લોગો લોન્ચ કરવામાં આવ્યો. આ પ્રસંગે ફેડરેશન અને NDDB ના અધિકારીઓની હાજરીમાં સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીએ **અમૂલ ઓર્ગેનિક મગ** ને વેચાણ માટે ખુલ્લા મૂક્યા.

૩ જૂલાઈ - ૨૦૨૨ એટલે દૂધસાગરમાં જેમણે ત્રણ દાયકા કરતાં પણ વધુ સમય સુધી બિનહરીફ ચેરમેન પદ સંભાળી સાચા અર્થમાં દૂધસાગરને દૂધનો સાગર બનાવ્યો હતો તેવા વંદનીય, પૂજનીય સ્વ.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી (મોતીબાપુ) નો જન્મ દિવસ ! પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી. અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આપણે પારદર્શીતા તથા કરકસર થકી આ ડેરીનો વહિવટ કરીએ અને મોતીબાપુની ઈચ્છા મુજબ વધુમાં વધુ લાભ દૂધની દોહનારીઓને આપીશું તો જ બાપુને સાચી શ્રધ્ધાંજલિ અર્પિત કરી ગણાશે ! તેઓએ વર્ષ દરમ્યાન ડેરીમાં થતા તમામ કાર્યક્રમો અને સમારંભો સહિત ડેરીના વિવિધ પ્રકાશનો તથા દૂધસાગર પત્રિકામાં આજના લોકો મોતીબાપુના જીવનને સમજી શકે તેવી વાતો મૂકવાનો આદેશ અને અપીલ કરી. સંસ્થામાં સરકારી ઔપચારિક્તાઓ પૂર્ણ થયા બાદ જે કેન્દ્ર સરકાર તરફથી માન્યતા મળી છે તેવી સાગર સૈનિક સ્કૂલને મોતીબાપુના નામથી જોડી તેનું નામ : મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ રાખી આવનારી સદીઓ અને પેઢીઓ સદા માટે મોતીબાપુને યાદ રાખે તેવી અપીલ કરી હતી. વર્ષ દરમ્યાન લીફ્ટ, લાઈટ, પંખા સહિત નાના-નાના બિનજરૂરી અથવા બેદરકારીથી થતા ખર્ચાઓ ઉપર કાપ મૂકી દૂધની દોહનારીઓ માટે પૈસા-પૈસાની બચત કરી નાનામાં નાનો કર્મચારી પણ મોતીભાઈની ચેતનાને સાચી શ્રધ્ધાજલિ આપી શકે તેવી હૃદયસ્પર્શી વાત સાથે તમામ ઉપસ્થિત ડિરેક્ટરો અને કર્મચારીઓએ સ્વ.મોતીભાઈને પોતાના શ્રધ્ધાસૂમન અર્પણ કર્યા હતા. નોંધનીય છે કે ; ચાલુ વર્ષે મોતીબાપુ વંદના વર્ષ ના ભાગરૂપે મહેસાણાની દૂધસાગર ડેરી તથા સ્વ.મોતીબાપુ સ્થાપિત ગ્રામભારતી (અમરાપુર) વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી લોક ઉપયોગી કાર્યો કરી સ્વ.મોતીબાપુના સાધન શુદ્ધિના સાત્વિક વિચારોને સાકાર કરવાનો પ્રયત્ન કરશે. વર્ષભર મોતીબાપુના સદ કાર્યોના સંભારણા કરવામાં આવશે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા